# શહેરમાં દિવસ અને રાતના તાપમાન વચ્ચે ૧૮ ડિગ્રીનો તફાવત

## વાતાવરણમાં થયેલા ફેરબદલના પગલે ધીમે ધીમે ઠંડી વધી રહી છે



ગાંધીનગર, તા. ૭

શહેરમાં વાતાવરણમાં થયેલા ફેરબદલના પગલે ધીમે ધીમે ઠંડીનું આગમન થઈ રહ્યું છે. ત્યારે ત્રણ-ચાર દિવસથી દિવસ અને રાતના તાપમાનમાં તફાવતને પગલે વહેલી સવારે શહેરીજનોને ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. શનિવારે શહેરનું લઘુત્તમ તાપમાન ૧૬.૮ ડીગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૩૫.૮ ડીગ્રી નોંધાયુ હતુ, રવિવારે શહેરનુ લઘુત્તમ તાપમાન ૧૭.૩ ડીગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૩૫.૬ ડિગ્રી નોંધાયુ હતુ. સોમવારે શહેરનું લઘુત્તમ તાપમાન ૧૮.૨ ડીગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી નોંધાયુ હતુ. સોમવારના તાપમાનના તફાવતને જોતા દિવસ અને રાતના તાપમાન વચ્ચે ૧૮.૨ ડીગ્રીનો તફાવત નોંધાયો છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી શહેરના લઘુત્તમ તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. જો કે આ વખતે શહેરીજનોને આસો માસની ઠંડીનો અનુભવ કરવા મળ્યો નથી. શહેરમાં ઠંડી ધીમે ધીમે વધી રહી છે તે જોતા સ્વાઈન ફલુ અને કોરોના કેસોમાં વધારો થાય તેવી સંભાવના છે. જેથી તંત્ર પણ આગોતરી તૈયારી માટેના એક્શન પ્લાન કરી રહ્યું છે. ઠંડીની ધીમીધારી ગતિને કારણે શહેરમાં રોગચાળો ફેલાય નહી તે માટેની તકેદારી રાખવામાં આવી રહી છે.

શહેરમાં વન વિભાગ દ્વારા શિયાળાની ઠંડીને પગલે લાકડાની કાપણી ન થાય તે માટે બાજ નજર રાખવામાં આવશે. ઠંડીમાં શ્રમજીવી વર્ગ દ્વારા તાપણી માટે વન વિભાગમાંથી વૃક્ષોના લાકડાઓ કાપવામાં આવે છે જેની અટકાયત કરવા માટે વનતંત્ર સજાગ રહેશે અને વૃક્ષોની ગેરકાયદે થતી કાપણી રોકવામાં આવશે.

ગાંધીનગર શહેરના માણસામાં આ વર્ષે વરસાદમાં ૨૧ ટકાની ઘટ રહી છે. તેથી પાકમાં નુકસાન થવાની સંભાવના છે. શહેરની આસપાસના વિસ્તારોમાં રાઈની ખેતી મોટા પ્રમાણમાં કરવામાં આવી છે. શિયાળા દરમિયાન ખેતરોમાં પીળાશ પ્રસરી ઉઠે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર જીરૂનું વાવેતર આ વખતે ઓછુ નોંધાય તેવી સંભાવના છે. ગાંધીનગરમાં શિયાળાના દિવસોનો કંઈક અલગ જ નજારો રહે છે. વહેલી સવારથી લઈ રાત્રી દરમિયાન શહેરનું વાતાવરણ અને શહેરની હવા શુદ્ધ અનુભવાય છે. શહેરીજનો પણ આ ઠંડીની મજા માણવા વહેલી સવારે વોકિંગ માટે નીકળી રહ્યા છે. શહેરના ફૂટપાથો પર ગરમાગરમ કાવા અને સૂપનું વેચાણ થઈ રહ્યુ છે. શહેરના બગીચાઓમાં યોગ અને કસરત કરતા શહેરીજનો નજરે પડી રહ્યા છે. ચાની ચૂસ્કી માણવામાં પણ ધસારો જોવા મળ્યો છે.

# ભાજપના ઉમેદવારોની પહેલી યાદી ૧૦ તારીખે જાહેર થશે

**ભાજપના ઉમેદવારો માટે હવે દિલ્હીમાં મંથન : ઉમેદવારોના નામ પર અંતિમ મહોર લગાવવા માટે ૯ તારીખે કેન્દ્રીય ચૂંટણી સમિતિની દિલ્હીમાં મળશે બેઠક**

ગાંધીનગર, તા.૭

આપ અને કોંગ્રેસે વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોના નામની જાહેરાત થઈ રહી છે, પરંતુ ભાજપે હજી સુધી મગનું મરી કરી રહ્યુ નથી. પરંતુ આખરે ભાજપ પોતાના ઉમેદવારોની જાહેરાત જલ્દી જ કરવા જઈ રહ્યું છે.

૧૦ અથવા ૧૧ નવેમ્બરે ભાજપ પહેલી યાદી જાહેર થઈ શકે છે. ૯ અને ૧૦ નવેમ્બરે ભાજપના ઉમેદવારો માટે દિલ્હીમાં મંથન થશે. આ દિવસોમાં ૬.૩૦ કલાકે ભાજપના દિલ્હી સ્થિત કાર્યાલય પર બેઠક યોજાશે. જેમાં પીએમ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સી.આર.પાટીલ હાજર રહેશે. જેના બાદ ઉમેદવારોની જાહેરાત થશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે હાલ ભાજપના ઉમેદવારો માટે હવે દિલ્હીમાં મંથન થઈ રહ્યું છે. ૯ અને ૧૦ નવેમ્બરે દિલ્હીમાં બેઠક મળશે. ૯ નવેમ્બરે સાંજે કેન્દ્રિય ચૂંટણી સમિતિની બેઠક મળશે.

રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાની અધ્યક્ષતામાં આ બેઠક મળશે. સાંજે ૬.૩૦ કલાકે ભાજપના દિલ્હી સ્થિત કાર્યાલય પર બેઠક મળશે. આ બેઠકમા પીએમ નરેન્દ્ર મોદી, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ સહિત પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો હાજર રહેશે. તેમજ ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટિલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સંગઠન મહામંત્રી રત્નાકર હાજર રહેશે.

દિલ્હીમાં યોજાનારી બેઠકમાં ગુજરાતની તમામ ૧૮૨ બેઠકોના દાવેદારો અંગે મનોમંથન થશે, જેના બાદ ઉમેદવારોના નામ પર અંતિમ મોહર લાગશે. આ બાદ ૧૦ કે ૧૧ નવેમ્બરે ભાજપ પહેલી યાદી જાહેર કરી શકે છે. ૧૦ કે ૧૧ નવેમ્બરે ભાજપની સંભવિત પહેલી યાદી આવી શકે છે.

# આ વખતે ઉમેદવારની પસંદગીમાં ભૂલ નહી થાય : અશોક ગેહલોત

**૨૦૧૭માં અમે જીતથી ચૂકી ગયા હતા : કોંગ્રેસ : ગેહલોતે આંકલાવમાં પરિવર્તન સંકલ્પ સંમેલનમાં હાજરી આપી અને વડોદરાના સાવલીમાં જનસભાને સંબોધન કર્યું**

અમદાવાદ, તા.૭

રાજસ્થાનના મુખ્યમંત્રી અને ગુજરાત કોંગ્રેસના સીનિયર ઓબ્ઝર્વર અશોક ગેહલોત મધ્ય ગુજરાતમાં પ્રચાર કરી રહ્યા છે. અશોક ગેહલોતે આંકલાવમાં પરિવર્તન સંકલ્પ સંમેલનમાં હાજરી આપી અને સાથે જ વડોદરાના સાવલીમાં જનસભાને સંબોધન પણ કર્યુ. આ સાથે અશોક ગેહલોતે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો અને કહ્યું કે, ૨૦૧૭ માં અમે જીતની નજીક પહોંચી ગયા હતા, આ વખતે કોંગ્રેસ ઉમેદવારોની પસંદગીમાં કોઈ ભૂલ નહીં કરે.

અશોક ગેહલોતે ખાસ વાતચીતમાં જણાવ્યું કે, અમારી રણનીતિ સારી ચાલી રહી છે. અમે ગામે ગામ ફરી રહ્યા છીએ. અમારી ૫ યાત્રાઓ સફળ રહી છે. અમારા કાર્યકર્તાઓમાં ઉત્સાહ છે. એન્ટી ઈંકમબન્સી ભયંકર ચાલી રહી છે. ગુજરાતમાં કોંગ્રેસ સરળતાથી જીતી જશે. ૨૦૧૭ માં પણ અમે જીતની નજીક પહોંચી ગયા હતા. ગયા વખતે અમે જીતવાથી ચુકી ગયા હતા. છેલ્લે અમને કેટલીક બેઠકો ના મળી. ભાજપ ગઈ વખતે ૯૯ પર અટકી હતી. તે વખતે ભાજપ સફળ ન થઈ તો આ વખતે કઈ રીતે સફળ થશે. તેમણે ભાજપ પર પોતાના નેતા ખરીદવાનો આરોપ મૂકતા કહ્યું કે, આ વખતે કોંગ્રેસ ઉમેદવારોની પસંદગીમાં કોઈ ભુલ નહીં કરે. જ્યાં જ્યાં ભાજપ છે ત્યાં સોદા થઈ રહ્યા છે. આમ આદમી પાર્ટીને શુ ઓફર કરાઈ છે. ગુજરાતમાં અમારા ધારાસભ્યને તોડાય છે. હોર્સ ટ્રેડિંગનું નવુ મોડલ બન્યુ છે તે તોડવુ છે. ભાજપ સોદો કરે છે. ૩૦-૩૦ કરોડમાં હોર્સ ટ્રેડિંગ થઈ રહી છે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોતે જીતની આશા વ્યક્ત કરતા કહ્યું કે, ગુજરાતમાં આ વખતે કોંગ્રેસ ચુટંણી જીતી રહી છે. ૨૭ વર્ષમાં ભાજપાની સરકારે માર્કેટીંગ કર્યા સિવાય કંઇ કર્યુ નથી. ધીરે ધીરે તેમની પોલ ખુલી રહી છે, કોરોનાની મહામારીમાં પોલ ખુલી છે. અહીં ગુડ ગવર્નન્સનો અભાવ જોવા મળ્યો. લઠ્ઠાકાંડમાં અનેક લોકો મરી ગયા તપાસ થતી નથી. મોરબીની ઘટનામાં લોકો મર્યા તો કમિશન કેમ નથી બેસાડવામાં આવતું. આ સરકારને કોઈની પરવાહ નથી, અમે કમિશન નિમવાની માંગ કરી છે. હાઈકોર્ટ સુઓમોટો લેવાની ફરજ પડી. ગુજરાત જેવી એન્ટીઇક્રમબન્સી ક્યાંય જોઇ નથી. ભાજપે મુખ્યમંત્રી સાથે આખી સરકાર બદલવી પડી એ શુ દર્શાવે છે.

ઈડબલ્યુએસ અનામત પર સુપ્રીમ કોર્ટના યુકાદા અંગે અશોક ગહેલોતે કહ્યું કે, અમે સુપ્રીમ કોર્ટના ચુકાદાને આવકારીએ છીએ. ૨૦ વર્ષ પહેલાં કોંગ્રેસની સરકારે રાજસ્થાન ઈડબલ્યુ અનામત આપતો પ્રસ્તાવ પસાર કર્યો હતો. અમે ૧૪ અનામતની માંગ સાથે તત્કાલીન પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપાઈને પ્રસ્તાવ મોકલ્યો હતો. કેન્દ્રની યુપીએ સરકારે ઈડબલ્યુએસને અનામત આપવા માટે કમિશનની રચના કરી હતી. જેનો રિપોર્ટ તૈયર થયેલો હોવા છતાં મોદી સરકારે પાંચ વર્ષ કાર્યવાહી ન કરી. અમારી સરકારનો જે નિર્ણય હતો તેને એ સરકાર આગળ વધારી રહી છે તે સારી વાત છે. આમ આદમી પાર્ટીની ગુજરાતમાં સક્રિયતા અંગે અશોક ગહેલોતે જણાવ્યું કે, આપના નેતાઓ જુઠુ બોલી રહ્યા છે અને જુઠ્ઠા વચનો આપી રહ્યા છે. આપના નેતાઓ માને છે કે જનતાને ખબર નથી પડતી પણ જનતા બધુ જાણે છે. દિલ્હી અને પંજાબનુ મોડલ સંપુર્ણ ફેલ થયું છે. કેન્દ્રશાસિત પ્રદેશના મોડેલને રાજ્યમાં દેખાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આપ અમારી સરકારે કરેલા નિર્ણયને કોપી કરી રહી છે. રાજસ્થાનની તમામ યોજનાઓને આપ ગુજરાતમાં વચન આપે છે. રાજસ્થાનમાં અમે તમામ યોજનાઓ લાગુ કરી દીધી છે.

# ગાંધીનગર જિલ્લામાં આદર્શ આચારસંહિતાની અમલવારી માટે ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમ કાર્યરત

**ટીમોને ચેકિંગ દરમ્યાન કોઇપણ વ્યક્તિ પાસેથી રૂ. ૫૦ હજાર કે તેથી વધુ રકમ મળશે અને યોગ્ય પુરાવા રજૂ કરવામાં નહિ આવે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.**

ગાંધીનગર, તા. ૭

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં આદર્શ આચારસંહિતાની અમલવારી માટે ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમ કાર્યરત થઇ ગઇ છે. જિલ્લામાં પાંચ વિધાનસભા મતવિભાગમાં ૨૦ ફલાઈંગ સ્કવોડ અને ૨૮ સ્ટેટીક સર્વેલન્સ ટીમ કાર્યરત કરવામાં આવી છે. જે વિવિધ વિધાનસભા મત વિસ્તારમાં ચોક્કસ સ્થળે ઊભી રહી ચેકીંગની કાર્યવાહી કરશે.

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી પ્રવિણા ડી.કે.એ જણાવ્યું છે કે, જિલ્લામાં યોજાનાર ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તેવું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. આદર્શ આચારસંહિતાની અમલવારી માટે વિવિધ ટીમોની રચના કરવામાં આવી છે. જેમાં ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમ ચૂંટણી જાહેર થતાંની સાથે જ કાર્યાન્વિત બની છે. જિલ્લામાં પાંચ વિધાનસભા મતવિસ્તારમાં ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમ મળી કુલ- ૪૮ ટીમો કાર્ય કરી રહી છે. જિલ્લામાં મતદારોને રીઝવવા માટે આપવામાં આવતી રોકડ કે અન્ય કોઈપણ લોભામણી બાબતો પર આ ટીમો નજર રાખશે.

તેમણે જણાવ્યું છે કે, સ્ટેટિક સર્વેલન્સ ટીમ દ્વારા કોઈપણ વ્યક્તિ રૂપિયા ૫૦ હજાર કે તેથી વધુ રકમ લઈ જતા હશે કે તેથી વધુ રોકડ મળશે, તો જેની પાસે પકડાયા છે, તે વ્યક્તિએ તેની વિગતો રજૂ કરવી પડશે. સ્ટેટિક ટીમની પૂછતાછમાં સંતોષકારક જવાબ નહીં મળે અને યોગ્ય પુરાવા રજૂ કરવામાં નહીં આવે તો અધિકારીઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત મતદારને રીઝવવા માટે ઉમેદવાર અથવા તેમનો પ્રતિનિધિ ૧૦ હજાર રૂપિયાથી વધુ કિંમતની ગિફ્ટ લઈને પણ પકડાશે તો કાયદેસની કાર્યવાહી કરવામાં આવશે. આ સિવાય એક લાખ રૂપિયા કે તેથી વધુની રોકડ મળી આવશે તો ફોર્મ ભરવું પડશે. જેની વિગત ઈક્રમટેકસ વિભાગને મોકલવામાં આવશે. જો રોજબરોજના ધંધાની રોકડ હશે તો તે અંગેના પુરાવા સાથે રાખવા પડશે.

વેપાર-ધંધાને લગતી કોઇપણ રોકડ હશે અને યોગ્ય પૂરાવા હશે તો વ્યક્તિ સરળતાથી રોકડની હેરાફેરી કરી શકશે. તેની સાથે કોઈપણ વ્યક્તિ બેંકમાંથી રોકડા ઉપાડયા હોય તો તેવા કિસ્સામાં બેંકમાંથી રૂપિયા ઉપાડયા તેના પુરાવા સાથે રાખવા પણ જણાવવામાં આવે છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ રોકડા લઇ નીકળતા નાગરિકોને પોતાની સાથે પાનકાર્ડ, બિઝનેસ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર, બેંકમાંથી પૈસા ઉપાડયા હોય તે દર્શાવતી પાસબુક કે બેંક સ્ટેટમેન્ટ, કેશબુકની કોપી, લગ્ન માટે કંકોત્રી કે આમંત્રણ કાર્ડ, હોસ્પિટલ ખર્ચ માટે હોસ્પિટલમાં એડમીશનની નોંધ વિગેરે સાથે રાખવા પણ ભારપૂર્વક જણાવ્યું છે.

આ ટીમો દ્વારા ચૂંટણીમાં ઉમેદવારોને રિઝવવા થતી રોકડ અથવા દારૂની રેલમછેલ અટકાવવા જિલ્લા મુખ્ય માર્ગો ઉપર ચેકપોસ્ટ ઊભી કરવામાં આવી છે. તેમજ વાહનોમાં ચકાસણી કરાશે. રોકડ, દારૂ કે ગિફ્ટ જેવી અન્ય વસ્તુઓની ચકાસણી કરવામાં આવશે. સમગ્ર ચેકિંગ પ્રક્રિયા કે ચકાસણીની વીડિયોગ્રાફી કરાશે. કોઈપણ વાંધાજનક વસ્તુ મળી આવશે તો તાત્કાલિક જપ્ત કરાશે. ઉપરાંત નકકી મર્યાદા કરતા વધુ રોકડ પણ મળશે તો જપ્ત કરી ઈક્રમટેકસ વિભાગને જાણ કરાશે.

## ખાનગી બસ રોડ પરથી નીચે ઉતરી જતાં થયો અકસ્માત

અમદાવાદ,તા.૭

અમદાવાદ હાઈવે પર એક બસને અકસ્માત નડ્યો છે. આ અકસ્માત બામણબોર નજીક સર્જાયો હતો. જ્યાં ખાનગી બર રોડ પરથી ઉતરી ગઇ હતી અને રસ્તાની બાજુમાં નાળામાં ખાબકી હતી. અકસ્માતમાં ૧૫ મુસાફરોને ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આજે વહેલી સવારે મુસાફરો ભરેલી બસ બામણબોર નજીકથી પસાર થઈ રહી હતી, ત્યારે તેને અકસ્માત નડ્યો હતો. અચાનક જ બસ રસ્તાની સાઈડમાં ઉતરી ગઇ હતી અને નાળામાં ખાબકી હતી. આ ઘટનામાં ૧૫ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાને પગલે બસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા હતા. બસચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો છે.

# ભાજપ ઉમેદવારોની જાહેરાત કરીને ચોંકાવી શકે છે

**૨૦ બેઠકો પર એકદમ નવો નિર્ણય લઈને કરી શકે છે અચંભિત : આ મુદ્દે એવું પણ માનવામાં આવે છે કે, સંભાવના એવી છે કે સિનિયર ગણાતા ધારાસભ્યનું પત્તું પણ કમાઈ શકે છે**

અમદાવાદ,તા.૭

આમ આદમી પાર્ટી દ્વારા ૧૮૨ ઉમેદવારોના નામની જાહેરાત લગભગ ટૂંક સમયમાં પૂર્ણ કરી દેવામાં આવશે, કોંગ્રેસે પણ શરુઆત કરી દીધી છે, પરંતુ ભાજપમાં મનોમંથન ચાલી રહ્યું છે. આ વખતે વિજય રૂપાણી બાદ ભૂપેન્દ્ર પટેલને જે જવાબદારી સોંપવામાં આવી તે દરમિયાન નો-રિપીટ થિયરીના આધારે નવા ચહેરા પસંદ કરાયા હતા, આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોની જાહેરાત દરમિયાન ભાજપ સૌ કોઈને અચંબામાં મૂકે તેવી પ્રબળ સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. રિપોર્ટ્સ પ્રમાણે સૂત્રોનું કહેવું છે કે ૨૦ નામો એવા હોઈ શકે છે કે જે સામે આવતા ભલભલાને આશ્ચર્ય થશે. પાર્ટી સાથે જોડાયેલા નેતાઓને પણ તે વિચારતા કરી શકે છે. સૂત્રો જણાવે છે કે, હવે યુવાનોને આગળ કરીને કંઈક નવું કરવાની ઈચ્છા ધરાવી રહી છે. માનવામાં આવે છે કે યુવાનોના કારણે પાર્ટીને વધુ તાકાત મળી શકે છે. આ માટે શહેરી વિસ્તારમાં ક્યાં જ્યાં સંપૂર્ણ બહુમતિ મળે છે ત્યાં યુવાનોને ઉમેદવાર તરીકે ઉભા રાખવામાં આવશે. સૂત્રો કહે છે કે અમદાવાની ૧૨ બેઠકો પર મોટા ઉલટફેર કરાશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. આ મુદ્દે એવું પણ માનવામાં આવે છે કે, "સંભાવના એવી છે કે સિનિયર ગણાતા ધારાસભ્યનું પત્તુ પણ કમાઈ શકે છે. બેઠકો અને ટિકિટની ચર્ચાઓ વચ્ચે અગાઉ ગૃહમંત્રી અમિત શાહ જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળ્યા ત્યારે હિમાચલ પ્રદેશ જતા પહેલા તેમણે તેમની સાથે નામાંકન અંગે ચર્ચા કરી હતી. સૂત્રો જણાવે છે કે, સ્ક્રિનિંગ કમિટી મળી ત્યારે દરેક બેઠક પર ત્રણ નામ નક્કી કરવામાં આવ્યા છે. જોકે, પાર્ટીના નેતાઓ જણાવે છે કે તેમાંથી કોઈ નામ અંતિમ નામ તરીકે પસંદ કરવામાં આવ્યા નથી. આમાં જે ૨૦ બેઠકોની ચર્ચા છે તે ચોંકાવનારા સાબિત થઈ શકે છે. પાર્ટીના કેન્દ્રીય વર્તુળ દ્વારા આ ભાજપ...

નામોને નક્કી કરવામાં આવશે. ભાજપ પાછલા ૨૭ વર્ષથી ગુજરાતમાં સત્તા પર છે, એન્ટી ઈક્મ્બન્સીનો સામનો ના કરવો પડે તે માટે ૬૦% બેઠકો પર નવા નામોની જાહેરાત થઈ શકે છે, જેમાં ખાસ કરીને અમદાવાદ પૂર્વ અને પશ્ચિમની બેઠકોનો સમાવેશ થાય છે. અમદાવાદ ગ્રામ્યની ત્રણ બેઠકોમાં પણ મોટા ફેરફાર કરવામાં આવી શકે છે અથવા તો નવા ચહેરા પણ મેદાનમાં ઉતારવામાં આવી શકે છે. વર્ષ ૨૦૧૭માં ભાજપે મોટાભાગની બેઠકો પર ઉમેદવારોને રિપીટ કર્યા હતા, પરંતુ આ વખતે કાર્યકર્તાઓ દ્વારા સ્થાનિકોને તક આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. કહેવાય છે કે નવા નિર્ણય લેવામાં આવ્યા છે પરંતુ તેના પર અંતિમ મહોર પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા જ લેવાશે. નામો પર અંતિમ મોહર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ દ્વારા મારવામાં આવશે.

ટચુકડી જાહેર ખબર
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ચિલોડા પ્રમુખ ઈલાઈટ ખાતે કોંગ્રેસ પરિવર્તન સંકલ્પ યાત્રાનું સ્વાગત કરાયું

**ગુજરાત પ્રદેશ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકોરે રાહુલ ગાંધીના ત્રણ વચનો પૂર્ણ કરવાના સંકલ્પ સાથે મુદ્દાસર ભાજપ સરકાર સામે પ્રહારો કર્યા**






ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના ચિલોડા ખાતે આજે મોડી સાંજે આઠ વાગે દહેગામ-મગોડીથી કોંગ્રેસ પરિવર્તન સંકલ્પ યાત્રામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોર, જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરવિંદસિંહ સોલંકી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ નીશિત વ્યાસ, દ.વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર ડો.હિમાંશુ વી.પટેલ તથા જિલ્લા તાલુકા કક્ષાના કોંગ્રેસી હોદ્દેદારો, પદાધિકારીઓ અને ચિલોડા આસપાસના કાર્યકરો, જિલ્લા પંચાયતના પ્રમુખ શનાભાઈ પટેલ, મંગુબેન પટેલ, વનિતા સંગાડા સહિત મોટી સંખ્યામાં જાહેર સભામાં હાજર રહયા હતા. સૌપ્રથમ કોંગ્રેસના ઉપપ્રમુખ નીશીત વ્યાસ અને પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ કૌશિકભાઈ શાહે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. ઉમેદવાર હિમાંશુભાઈ પટેલે ઉમેદવાર તરીકે પાર્થ ઉઠાવો બાણ.. પરિવર્તન એ જ કલ્યાણ.. કોંગ્રેસનું કામ બોલે છે તેવો સુર ઉઠાવ્યો હતો. દ.વિધાનસભાની બેઠક પર કોંગ્રેસના ઉમેદવારને જંગી મતોથી જીત અપાવવા હાકલ કરી હતી.

પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું કે સરકારની દબાણ રાજનીતિ સામે આકરા પ્રહાર કર્યા હતા. જીવન જરૂરીયાત ગેસનો બાટલો, ત્રણસો યુનિટ વીજળી મફત, જુની પેન્શન યોજના લાગુ કરવા, મોંઘુદાટ શિક્ષણ ફી, અંગ્રેજી માધ્યમની શાળાની સુવિધા, આરોગ્ય સુવિધા પ્રિમીયમ-લાઈટબીલમાં ત્રણસો યુનિટ ફ્રી વીજળી, ત્રણ લાખ સુધી ખેડૂતોનું દેવું માફ, કોરોના મૃતકોને સરકાર ૫૦ હજારની સહાય આપે છે તેની સામે કોંગ્રેસ ચાર લાખ ફીકસ સહાય, સરકારી નોકરીમાં કોરોના વોરિયર્સને સહાય, મદદ, બેરોજગાર યુવાનોને એક લાખ નોકરી,પેપર ફુટવાના કૌભાંડો, ચાલુ નોકરી મૃતક કર્મચારીને નોકરીની સલામતી વગેરે મુદ્દા પર જગદીશ ઠાકોરે જોરદાર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ રાહુલ ગાંધીના સાત વચનોની પત્રિકાના સંકલ્પો પૂર્ણ કરવા ઘેર ઘેર વચન પત્રિકા પહોંચાડવાનું ભગીરથ કાર્ય હિમાંશુભાઈ પટેલે કર્યુ હતું તે મહત્વનું છે. ગુજરાતમાં દીકરીઓની સલામતી અંગે સુરતનો ગ્રીષ્મા વેકરીયાની હત્યાનો મુદ્દો ચર્ચાયો હતો. આ સાથે મારુ બુથ મારુ ગૌરવ સાથે પક્ષના મતદારો દ્વારા ઓછુ મતદાનને હવે આઈડેન્ટીફીકેશન કરી વધુ મતદાન થાય તેવા પ્રયાસોને મહત્વ આપવા અનુરોધ કર્યો હતો. આ સાથે ગુજરાત વિધાનસભામાં ૨૭ વર્ષ બાદ ૨૦૨૨માં કોંગ્રેસ ૧૨૫ બેઠકો સર કરી સરકાર બનાવશે તેવો વિશ્વાસનો સુર વ્યક્ત કર્યો હતો.

# જમાઈએ ડિસમસથી દાદા સસરાની હત્યા કરી નાખી

**પત્નીને તેડવા જતા વાતનું વતેસર થઈ ગયું : પત્નીને તેડી જવાની ના કહેતા જમાઈએ દાદા સસરાની હત્યા કરી, તેમજ સાસરિયાં તરફના ૬ લોકોને ઘાયલ કર્યા**

રાજકોટ, તા.૭

રાજકોટનાં ભાવનગર રોડ પર આવેલ કાળીપાટ ગામે શનિવારની રાત્રે માવતરે ગયેલી પત્નીને તેડવા ગયેલા રીક્ષાચાલક પતિને સવારે તેડી જવાનું કહ્યું હતું. જે બાબતે લાગી આવતાં રાત્રિનાં ૩ વાગ્યે ફરી પત્નીને તેડવા સાસરે પહોંચ્યા હતા. ત્યારે રીક્ષા ચાલકે દાદાજી સસરા સહિતના સાસરીયાઓ ઉપર ડિસમીસથી હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધનું આજે સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યુ હતું. બનાવ અંગે પોલીસે બંને જૂથની ફરિયાદ પરથી સામસામો ગુના વધુ કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટનાં કાળીપાટ ગામે માવતરે રહેલી શિલ્પાબેન રાજુભાઈ મેર (ઉ.૩૦) એ આજી ડેમ પોલીસ મથકમાં પોતાના પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં રાજુ મેરએ રાત્રિનાં ત્રણ વાગ્યે સસરાના ઘરે જઈ દાદાજી સસરા હંસરાજભાઈ મોરવાડિયા ઉપર ડિસમિસના ઘા ઝીંક્યા હતા. જેમાં બચાવમાં ગયેલા દાદીજી સાસુ અને તેની પત્ની સહિત ચાર મહિલા અને સાળા સહિત કુલ ૬ લોકો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં દાદા સસરા વધુ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ બાદ પરિવારના ૬ ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન હંસરાજભાઈનું મૃત્યુ નિપજ્યું હતું. જેથી આ સમગ્ર બનાવ હત્યામાં પલટાઈ ગયો હતો અને આજીડેમ પોલીસે હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ, રાજુ મેરે પત્ની સહિત સાસરિયાના ૬ લોકો પર મારામારીની ફરિયાદ નોંધાવી છે.

રાજુ ઉર્ફે રાજેશ મનજી મેર (ઉંમર ૪૫ વર્ષ) ના ૧૮ વર્ષ પહેલા કાળીપાટ ગામની શિલ્પા સાથે લગ્ન થયા હતાં. લગ્ન જીવન દરમિયાન સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. રિક્ષા ચાલક પતિ રાજુ દારૂ પીને અવારનવાર